# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ


બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫

E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org


**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**

(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે


**ફેબ્રુઆરી - માર્ચ - ૨૦૧૭**


## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

- ★ રેડિયો પ્રસારણ (ગુજરાતી અને હિન્દી)
- ★ પદ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પદ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

આપ સર્વને જીવનસંદેશ તરફથી પ્રભુ ઈસુના નામમાં પ્રેમી કુશળતા. જ્યારે આપણે ૨૦૧૬ના વર્ષ તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે જીવનસંદેશ આપ જેવા પ્રાર્થના મિત્રો, દાન આપનાર મિત્રો અને સ્વૈચ્છિક સેવા આપતા ભાઈ - બહેનોનો આભાર માને છે. કારણ આપની મૂલ્યવાન સેવાને લીધે ખોવાયેલાઓને શોધવામાં આવ્યા છે ને જેઓ શોધાયેલા છે તેઓને પરિપકવ શિષ્ય બનાવવામાં આવ્યા છે. આ વર્ષે ૨૦૧૭માં પણ પ્રભુ ઈસુ આપણને એ જ દર્શનને પહોંચવાનું ફરમાવે છે.

પ્રભુ ઈસુ હંમેશા મહાન સત્યને બહું જ સરળ ઉદાહરણ મારફતે શીખવતા તે આપણે તેમનાં શિક્ષણમાં જોઈ શકીએ છીએ. ૨૦૧૭ના વર્ષના ૨ મહિના પૂરા થઈ ગયા. આ કદાચ, આવતા વર્ષે આપણે હયાત ન હોઈએ પણ પ્રભુનો આભાર આપણને એક તક આપવામાં આવી છે. પ્રભુ ઈસુ તેમના દૃષ્ટાંતમાં આ પ્રમાણે કહ્યું છે. "સાહેબ તેને આ વરસ પણ રહેવા દો, એટલામાં હું તેની આસપાસ ખોદું, ને ખાતર નાખું. જો ત્યાર પછી તેને ફળ આવે તો ઠીક, અને નહિં આવે તો તેને કાપી નાખજે." (લૂક ૧૩:૮-૯).

આ ફકરામાં આપણે વાંચીએ છીએ કે પ્રભુ અંજીરીના વૃક્ષ પરથી ફળ શોધે છે પણ એકે જડતું નથી. માટે માળીને પ્રભુએ કહ્યું, "તેને કાપી નાખ, તે વળી ભોંય કેમ નકામી રોકે છે ?" પણ માળીએ પ્રભુને કહ્યું, "માલિક જરા થોભી જાવ, એક વરસ તેને આપો." અને જો છતાંય ફળ ન આવે તો તેને કાપી નાખજે.

જો આપણે ૨૦૧૬ના વર્ષનો વિચાર કરીએ તો આપણે ઘણું બધું કરી શક્યાં હોત પણ કરી શક્યાં નથી. ગયું વર્ષ ઈતિહાસ બની ગયો અને આપણે તેને પાછું મેળવી શકતા નથી. ત્યારે આપણી પાસે ૨૦૧૭નું વર્ષ છે અને આપણે કરી શકીએ તેમ છીએ.

પ્રેરિત પાઉલ કહે છે, "એટલે કે જે પછવાડે છે તેને વિસરીને." (ફિલીપી ૩:૧૩). આપણે આપણી નિષ્ફળતાઓને ભૂલી જવી. થોમસ એડિસને ૯૯૯ વખત પ્રયત્નો ચાલું રાખ્યા ને ૧૦૦૦માં પ્રયત્ને થોમસ એડિસન સફળ થયો કે જેણે ઈલેક્ટ્રીક બલ્બ શોધ્યો. સ્વાભાવિક રીતે આપણે થોડાંક પ્રયત્નો કર્યા પછી થાકી જઈએ પણ જો પ્રયત્નોમાં ચાલું રહીએ છીએ તો સફળતા મળે છે.

આ વર્ષે આપણને એક વાતની જરૂર છે એમ પ્રભુ કહે છે. "મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે કે જે તેની પાસેથી લઈ લેવાશે નહિં." (લુક ૧૦:૪૨). જેમ બને એમ વધુ ને વધુ ઈશ્વરનું વચન સાંભળીએ, વાંચીએ, અભ્યાસ કરીએ, મુખપાઠ કરીએ અને તેનું મનન કરીએ. "નવાં જન્મેલા બાળકોની પેઠે નિષ્કપટ આત્મિક દૂધની ઈચ્છા રાખીએ." જેથી આપણે વૃદ્ધિ પામતા રહીએ. (૧ પીતર ૨:૨).

જેઓ ખોવાયેલા છે તેઓને સારૂં ચિંતા કરવાની છે. "અને તેણે નીકળીને અતિ ઘણાં લોકને દીઠા, ને તેને તેઓ પર કરૂણા આવી, કેમકે તેઓ પાળક વગરના ઘેટાંના જેવા હતા.." (માર્ક ૬:૩૪). "મારા લોકની દીકરીના કતલ થયેલાઓને સારૂં રાતદહાડો રૂદન કરવા માટે મારું માથું પાણી હોત, ને મારી આંખો આંસુનો ઝરો હોત તો કેવું સારૂં ?" (યર્મિ.૯:૧). પ્રભુએ હજુ સુધી સુવાર્તાનું દ્વાર ખુલ્લું રાખ્યું છે ત્યારે આપણે વધુ ને વધુ ખોવાયેલાને શોધવા જે જે તક મળે છે તે ઝડપી લઈએ કે જેથી તેઓ પ્રભુ ઈસુને અનુસરનારા બને.

આ વર્ષે ઈશ્વર આપણને કહે છે કે, આપણે ખોવાયેલાઓને શોધીએ અને જેઓને શોધવામાં આવે તેઓને પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્યો બનાવવામાં આવે. રેડિયો સેવા, ફોલોઅપની સેવાની મારફતે શિષ્યો બનાવવામાં આવે. શિષ્યપણાની સેવા મારફતે વધુ દૃઢ ને મજબૂત કરવા, જેથી તેઓ આમ સમાજને અસર ઉપજાવી શકે. યુગલ સમૃદ્ધિ સેવા દ્વારા કુટુંબોને બાંધવા જેનાથી સમાજ આશીર્વાદિત થાય. નારી સંચારની સેવા મારફતે પ્રભુના વચનો દ્વારા ઉત્તેજન પૂરું પાડવું. મિત્રો, ૨૦૧૭માં આપનો અવિરત સાથ-સહકાર ને મૂલ્યવાન પ્રાર્થના મોટી અસર ઉપજાવી શકે છે.

**- ડેવિડ ક્રિશ્ચિયન**

## જીવન સંદેશ પરિવાર સંગત

આ વર્ષે જાન્યુઆરી ૮, ૨૦૧૭ ના રોજ જીવન સંદેશ સાથે સક્રિય રીતે સંકળાયેલ સ્ટાફ, બોર્ડ અને સોસાયટી સભ્યો, સ્વૈચ્છિક સેવા આપતા મિત્રો, તેમનાં કુટુંબ સાથે હાજર રહ્યાં તેમજ વિશેષ કરીને ગુજરાત અલાયન્સ માનનીય સિનડ પ્રમુખ રેવ. રસીન વસાઈવાલાએ આ સંગતમાં હાજરી આપી. તેનાથી અમોને ઉત્તેજન મળ્યું છે. આપ સર્વએ જીવનસંદેશ ને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે. અમો તમારો હૃદયના ઊંડાણથી આભાર માને છે. આ સંગતમાં ૨૦૧૬ના વર્ષમાં પ્રભુના વિશ્વાસુપણાને તથા ભલાઈને યાદ કરતાં ઈશ્વરની સ્તુતિ કરી.

આ સંગતનું આયોજન બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. ૨૦૧૬ના વર્ષમાં જીવન સંદેશ દ્વારા થયેલી સેવાઓની વિગતવાર માહિતી આપવામાં આવી તથા ૨૦૧૭ના આયોજનને દર્શાવવામાં આવ્યું. આ સંગતમાં "વિશ્વાસુ ખ્રિસ્તી સેવા" તે વિષય ઉપર ૧ તિમોથી ૧:૧૮-૨૦ના શાસ્ત્ર ભાગમાંથી ઉત્તેજનદાયક અને પડકારદાયક જીવન સંદેશ મીનીસ્ટ્રીઝના ટ્રેઝરર શ્રી રોબિન જે. મિત્રા દ્વારા આપવામાં આવ્યો. આ સંગતમાં ૮૦+ વ્યક્તિઓ ભાગીદાર બન્યા. ૨૦૧૭ના આયોજન માટે પ્રાર્થના કરવામાં આવી. અંતે બધા સાથે મળીને ભોજન કર્યું. આ તમામ મિત્રો જીવન સંદેશ સેવા માટે ખૂબ જ સ્પેશ્યલ છે. આ સર્વ ભાઈ બહેનો માટે જીવન સંદેશ ખરાં અંતઃકરણથી ખૂબ જ આભાર માને છે. પ્રભુની સ્તુતિ થાઓ.








## રેડિયો ફોલોઅપ સેવા

૨૦૧૬ના વર્ષમાં આપણે ૧૫ મિનીટના ત્રણ ગુજરાતી પ્રસારણો (મનન, મંથન અને સત્ય શોધ) બે હિન્દી પ્રસારણો (ચિંતન) ચાલું રાખી શક્યાં તે માટે ઈશ્વર પિતાની સ્તુતિ કરીએ છીએ. ગુજરાતી અને હિન્દી પ્રસારણોના પ્રતિભાવમાં મળતાં પત્રોનું ફોલોઅપ કરવામાં શ્રી સીરીલભાઈ તથા શ્રી નેલ્સનભાઈને પ્રભુએ જ્ઞાન અને ડહાપણ પૂરાં પાડ્યાં તેથી પ્રભુની સ્તુતિ કીરએ છીએ. રેડિયો પ્રસારણ, પત્ર વ્યવહાર અને સાહિત્ય દ્વારા પ્રભુના વચનોનું શિક્ષણ કેટલું અસરકારક છે તે પ્રતિભાવમાં તેનો પકડ પડઘો પડે છે. રેડિયો ફોલોઅપની સેવા મારફતે સંપર્ક મિત્રોના અંતઃકરણને પ્રભુ ઉઘાડે જેથી તેમને પ્રાપ્ત થયેલ સાહિત્ય અને પત્રની વાતોને લક્ષમાં લે અને ઈસુ એ જ જગતનો તારણહાર છે એવો વિશ્વાસ કરે. એવી જ આશા અને પ્રાર્થના છે. ઈશ્વરની અવિરત કૃપા તથા માણસ જાતને સારૂં તેમણે કરેલા આશ્ચર્યકારક કૃત્યોને ધ્યાનમાં રાખીને તેમની સ્તુતિ કરીએ.

## પ્રતિભાવ

જીવન સંદેશ પરિવારને મારી સલામ. આપ પત્ર મારફતે અને સેમીનાર દ્વારા જે પદ્ધતિસરનું શિક્ષણ ઈશ્વરના વચનોમાંથી આપો છો તેથી પ્રભુનો ખૂબ જ આભાર. સેમીનારમાં ભાગ લીધા બાદ મારા જીવનમાં પરિવર્તન આવ્યું છે. બાઈબલ વાંચવાની પ્રેરણા મળી. કેવી રીતે અસરકારક અભ્યાસ થઈ શકે તે શીખવાનું મળ્યું છે. વધુ પ્રભુની નજીક આવ્યો છું. માટે પ્રભુની હું સ્તુતિ કરું છું. મારા વિસ્તારમાં કેટલાં બધાં લોકો કે જેઓ અંધકારમાં છે તેઓને સાચો, ખરો પ્રકાશ મળે એવી મારી પ્રાર્થના છે. આપે મને સેમીનારમાં આમંત્રણ આપ્યું જેનાથી મને વ્યક્તિગત લાભ થયો છે ને વારંવાર પત્રો મારફતે આપના તરફથી ઉત્તેજન મળતું રહે છે તેથી તમારો ખૂબ આભાર. આ સર્વ માટે પ્રભુની સ્તુતિ થાઓ. - ધરમપુર.

જીવન સંદેશ પરિવારને મારા નમસ્કાર. આપના તરફથી પત્ર નિયમિત રીતે પ્રાપ્ત થાય છે તે માટે આપનો આભાર. મેં તમને પત્રનો જવાબ આપ્યો નથી દિલગીર છું. આપનો કાર્યક્રમ સાંભળું છું જેનાથી મને વ્યક્તિગત રીતે આધ્યાત્મિક લાભ થાય છે. આપ રેડિયોમાં બાઈબલના સત્ય જે રીતે શીખવો છો તેને માટે જીવનસંદેશનો આભાર માનું છું. આપે મોકલેલ સાહિત્ય મને મળ્યું છે. જે મારા આત્માનો ખોરાક છે. મારા માટે પ્રાર્થના કરશો. પ્રભુ આપ સર્વની સાથે રહો એ જ મારી આશા તથા પ્રાર્થના છે. - ઝારખંડ.

## શિષ્યપણાની સેવા

પ્રભુ ઈસુના મહાન આદેશ "જાઓ... શિષ્ય બનાવો." ને આધીન થતાં જીવન સંદેશ દ્વાર શિષ્યપણાની સેવા ૩૦માં વર્ષમાં પ્રવેશે છે. અત્યાર સુધીમાં સેંકડો વ્યક્તિઓને પદ્ધતિસર પ્રભુ ઈસુના શિષ્ય બનવા તથા બીજાઓને શિષ્ય બનાવવા સંબંધી તાલિમ અને શિક્ષણ આપવામાં આવ્યું. તેનાં ફળ સ્વરૂપે આજે ગુજરાતની જુદી જુદી મંડળીઓમાં અનેક વ્યક્તિઓ આધ્યાત્મિક આગેવાની આપી રહ્યાં છે. તથા પ્રભુની વાડીમાં પૂર્ણ સમયના સેવકો તરીકે સેવા આપી રહ્યાં છે. આ સર્વમાં પ્રભુને માન અને મહિમા આપીએ છીએ.

પ્રભુ ઈસુની ઈચ્છા છે કે, આપણે તેમનામાં જડ ઘાલેલા તથા સ્થાપિત થઈએ અને તેમના વચનોમાંથી શિખામણ મળતા વિશ્વાસમાં દઢ રહીને તેમની વધુને વધુ ઉપકારસ્તુતિ કરીએ. જો તેમનામાં વૃદ્ધિ પામવું છે તો જીવન સંદેશ પદ્ધતિસરના અભ્યાસ માટે આમંત્રણ આપે છે. ઈશ્વરના કુટુંબમાં સામર્થ્ય સાથે વૃદ્ધિ પામવું. ઈશ્વરના કુટુંબમાં તમારાં મૂળને સુદઢ કરવું અને ઈશ્વરના કુટુંબમાં ફળ ઉપજાવવા. આ ત્રણ પુસ્તકો વ્યક્તિગત રીતે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે સંબંધમાં દઢ કરે છે. વધુ માહિતી માટે આપ જીવન સંદેશનો સંપર્ક કરી શકો છો.

## ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ

૧૭ નવેમ્બર ૨૦૧૬ થી દર સોમવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમ્યાન ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ જીવનસંદેશ સ્ટુડિયોમાં શરૂ કરવામાં આવ્યો. જેમાં ૧૫ વ્યક્તિઓ રસપૂર્વક નિયમિતરૂપે ભાગ લઈ રહ્યાં છે. ૨:૭ શ્રેણીના અભ્યાસનું પ્રથમ પુસ્તક "ઈશ્વરના કુટુંબમાં સામર્થ્ય સાથે વૃદ્ધિ પામવું." તે પુરું કરવામાં આવ્યું. પ્રભુનો આ સર્વ માટે આભાર. આપ ભાગ લઈ રહેલ વ્યક્તિઓ માટે પ્રાર્થના કરશો કે તેઓ વ્યક્તિગત રીતે વૃદ્ધિ પામે ને તેની અસર આમ સમાજ પર પડે.







## દાનિયેલના પુસ્તકનો અભ્યાસ - પવિત્રકુંજ

૧૮ નવેમ્બર ૨૦૧૬ થી દર મંગળવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમ્યાન દાનિયેલના પુસ્તકનો અભ્યાસ પવિત્રકુંજ સોસાયટીમાં શરૂ કરવામાં આવ્યો. જેમાં સોસાયટીના સભ્યો રસપૂર્વક નિયમિતરૂપે ભાગ લઈ રહ્યાં છે. પ્રભુનો આ સર્વ માટે આભાર. જેમાં શિક્ષણની સેવા શ્રી મધુભાઈ ક્રિશ્ચિયન આપી રહ્યાં છે. આ ક્લાસ માટે તેમજ શિક્ષણ આપનાર પ્રભુના સેવક માટે પ્રાર્થના કરશો.







## યુગલ સમૃદ્ધિ સેમીનાર

પ્રભુએ જીવન સંદેશને ઈશ્વરના વચનો મારફતે યુગલોને બાંધવાની સેવાને ૨૫ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુની સ્તુતિ થાઓ. પ્રભુએ આ સેમીનારો દ્વારા યુગલોને પ્રભુના વચનો દ્વારા દૃઢ અને મજબૂત કરવા સહાય કરી છે. આ સેમીનારમાં શિક્ષણ આપવામાં ઉપરાંત વ્યક્તિગત રીતે પણ અનેક યુગલોને માર્ગદર્શન અને ઉત્તેજન આપવા માટે પ્રભુએ કૃપા આપી તેથી ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ. જેનાં ફળ સ્વરૂપે ઘણાં બધાં આ સેમીનારમાં જે જે શીખ્યા તે પોતાનાં જીવનમાં સ્થાન આપતાં તેઓ એકબીજાની સાથે તેમજ ખ્રિસ્તમાં જોડાઈને વધતાં વધતાં સમાજને સાક્ષીરૂપ બન્યાં છે તેથી પ્રભુનો ખૂબ જ આભાર.

શું તમે તમારાં લગ્નજીવનમાં સંઘર્ષ, હતાશા અનુભવી રહ્યાં છો ? શું તમે સંઘર્ષનો ઉકેલ શોધી રહ્યાં છો ? હતાશામાંથી મુક્ત થવા માંગો છો ? શું તમે એવી ઈચ્છા રાખો છો કે કોઈ તમારી વ્યક્તિગત નાણાંકીય અને બાળકોના ઉછેર સંબધી વાત કરે ? શું તમારાં જીવનને તથા કુટુંબને વધુ દૃઢ અને સમૃદ્ધ કરે તેની રીત શીખવા માંગો છો ? જીવન સંદેશ યુગલ સમૃદ્ધિ શાળામાં ઈશ્વરના વચનો મારફતે અલગ અલગ વિષયો ઉપર અસરકારક રીતે શિક્ષણ આપે છે. (૧) લગ્નજીવનનો હેતુ (૨) લગ્નમાં સફળતા (૩) પતિની જવાબદારી (૪) પત્નીની જવાબદારી (૫) સંબંધોને બાંધવા (૬) માતા-પિતા અને બાળકોના સંબંધ (૭) વાણી વ્યવહાર (૮) આત્મીયતા અને મિત્રતા (૯) **Fire Proof Movie** (૧૦) સંઘર્ષ નિવારણ (૧૧) આકુલા-પ્રિસ્કીલા (૧૨) પ્રેમ-માફી (૧૩) સમય - વહીવટ (૧૪) નાણાંનો વહીવટ (૧૫) આત્મિય જાતિયતા (૧૬) **Pamel's Prayer.**

## નારી જીવન સંચાર સેવા

ઈશ્વર પિતાએ જીવનસંદેશની નારી જીવન સંચાર સેવાને ૮ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુને ધન્યવાદ આપીએ છીએ. પ્રભુએ આ સેવા દ્વારા ઘણી બહેનોને નારી હોવાનું સ્વમૂલ્ય સમજાવ્યું છે. પ્રભુના વચનોએ અંધકારને દૂર કરીને પ્રકાશ વેર્યો છે. જ્યાં નિરવ શાંતિ હતી ત્યાં સંગીત ફેલાવ્યું છે. જ્યાં ખાલીપો હતો ત્યાં તેમણે પોતાની પ્રેમાળ હાજરીથી ભરી દીધો. આ સર્વ માટે પ્રભુનો ખૂબ જ આભાર માનીએ છીએ. જુદા જુદા સેમીનારો દ્વારા દરેક સ્તરની બહેનોને ઈશ્વરના વચનો મારફતે શિક્ષણ આપી શક્યાં. ઈશ્વર પિતાએ નારી સંચાર કોર ગ્રુપને જ્ઞાન, ડહાપણ અને માર્ગદર્શન આપ્યા તેથી પ્રભુની સ્તુતિ થાઓ.

૪ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ઠાસરા મેથોડિસ્ટ ચર્ચ અને ધંધોળી મેથોડિસ્ટ ચર્ચમાં ગરીબ વિધવા બહેનો માટે ખાસ સંગતનું આયોજન ભાઈ રોબિન મિત્રા અને તેમની ટીમ તથા જીવનસંદેશ દ્વારા કરવામાં આવ્યું. જેમાં વિધવા બહેનોને શાલ અને કીટ આપવામાં આવી. ઠાસરા અને ધંધોળી સવારની ભક્તિસભામાં પ્રભુના વચનો આપવામાં આવ્યા તથા ભક્તિસભા બાદ જેઓને મદદ આપવાની હતી તેઓને પણ પ્રભુના વચનો દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું.

## નારી જીવન સંચાર સેવા - ધંધોળી






## નારી જીવન સંચાર સેવા - ઠાસરા








## આભાર માનીએ.....

૧. ૨૦૧૬ના વર્ષમાં જીવન સંદેશની શિષ્યપણાની સેવા, યુગલ સમૃદ્ધિની શિક્ષણની સેવા અને નારી જીવન સંચાર સેવામાં જુદી જુદી રીટ્રીટ અને સેમીનારમાં પ્રભુએ આશીર્વાદિત કરી અને શિક્ષણ આપવામાં કૃપા આપી.

૨. જીવન સંદેશ બોર્ડ - સોસાયટી સભ્યો, સ્વૈચ્છિક સેવા આપનાર મિત્રો અને પરિવાર અને સ્ટાફના ભાઈ - બહેનોના સાથ સહકાર માટે.

૩. જીવન સંદેશના ગુજરાતી અને હિન્દી ફોલોઅપના કાર્ય માટે પ્રભુએ શ્રી સીરીલભાઈ ક્રિશ્ચિયન તેમજ શ્રી નેલ્સનભાઈ ઠાકોરને જ્ઞાન ઑઅને ડહાપણ પૂરા પાડ્યાં માટે.

૪. ગુજરાતની અલગ અલગ મંડળીઓ તથા સંસ્થાઓમાં શિક્ષણ આપવાની તક જીવન સંદેશને મળી તે માટે.

૫. જીવન સંદેશના સંપર્ક મિત્રોની મુલાકાત કરી શક્યાં માટે.

૬. ૨૦૧૬ના વર્ષમાં પ્રભુએ તમામ જરૂરિયાતો પૂરી પાડી તે માટે.

## પ્રાર્થના કરીએ.....

૧. રેડિયો પ્રસારણ પ્રતિભાવમાં ૧૦૦૦ થી ૧૫૦૦ પત્રો મેળવી શકીએ. સાથે સાથે સોનગઢ, તાપી, જુનાગઢ, સુરત અને નવસારી જીલ્લાઓના પત્રમિત્રની મુલાકાત લઈ શકાય માટે.

૨. પત્ર મિત્ર મહિલા શિબિર : નવેમ્બર ૨ સાંજે ૫ થી બપોર સુધી.
સ્થળ : લીડ સેન્ટર, અમદાવાદ.

૩. પત્ર મિત્ર કુટુંબ સમૃદ્ધિ સેમીનાર : સપ્ટેમ્બર ૧લી સાંજથી ૩ સાંજ સુધી.
સ્થળ : આધ્યાત્મિક સેન્ટર, ભરૂચ.

૪. ૧૭ નવેમ્બર ૨૦૧૬ થી દર સોમવારે ૮:૩૦ થઈ ૯:૩૦ દરમ્યાન ૨:૭ શ્રેણીના ત્રણ પુસ્તકનો અભ્યાસ જીવન સંદેશ સ્ટુડિયોમાં ચાલે છે તે માટે.

૫. દર મંગળવારે રાત્રે ૮:૩૦ કલાકે પવિત્રકુંજ સોસાયટીમાં દાનિયેલના પુસ્તકનો અભ્યાસ ચાલે છે.

૬. મે ૨-૫ ડુમરાલ કોન્ફરન્સ સેન્ટરમાં ૨:૭ શ્રેણીનો તાલિમ સેમીનાર ધંધોળી અને ઠાસરા વિસ્તારના જુવાનો માટે.

૭. ૩૦ સપ્ટે. થી ૨ ઓક્ટો. ડુમરાલ કોન્ફરન્સ સેન્ટરમાં હિન્દી ૨:૭ શ્રેણીનો તાલિમ સેમીનાર માટે.

૮. ૧૯ માર્ચ ના રોજ આનારા મેથોડિસ્ટ ચર્ચ ખેડા ખાતે એક દિવસીય બહેનોની ગોસ્પલ રીટ્રીટ રાખેલ છે તે માટે.

૯. ૧૬ જુનના રોજ જુવાન દીકરીઓ માટેની રીટ્રીટ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં રાખેલ છે તે માટે.

૧૦. ૨૩ જુલાઈના રોજ અમદાવાદની બહેનો માટે એક દિવસની રીટ્રીટ રાખેલ છે તે માટે.

૧૧. ૨૦ ઓગસ્ટના રોજ માર્કની સુવાર્તાની ઓપન બાઈબલ ક્વીઝ રાખેલ છે તે માટે.

૧૨. ૨૪ સપ્ટેમ્બર વિધવા બહેનો અને એકલવાયુ જીવન જીવતી બહેનો માટેની રીટ્રીટ રાખેલ છે તે માટે.

૧૩. દર વર્ષની જેમ નાતાલના દિવસોમાં ગરીબ કુટુંબો અને વિધવા બહેનો માટે આયોજન કરી શકાય તે માટે.

૧૪. બહેનોની જુદી જુદી બાઈબલ સ્ટડી ગ્રુપ ચાલે છે. જેમાં રીટાબહેન આગેવાની આપી રહ્યાં છે તેને માટે.

૧૫. જીવન સંદેશ સ્ટાફના સભ્યો, શ્રી મધુભાઈ, શ્રી સીરીલભાઈ, શ્રી નેલ્સનભાઈ, શ્રી ઈનોક, શ્રી ડેવિડ.

૧૬. ઓફિસ બોય માટે યોગ્ય વ્યક્તિ પ્રભુ પૂરી પાડે.